# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

નમસ્કાર,આકાશવાણી,

OPENING SIGNATURE TUNE

સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

મુખ્ય સમાચાર

(મ્યુઝિક અંડરપ્લે)

**1)** **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે રોજગાર મેળો યુવાનોને સશક્ત બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.**

**2)** **વિદેશ મંત્રી ડૉક્ટર એસ.જયશંકર આજથી 15મી જુલાઈ સુધી સિંગાપોર અને ચીનની મુલાકાતે**

**3)** **ઓલ-ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ (AIIA) દ્વારા આજથી નવી દિલ્હીમાં ત્રણ દિવસ સુધી રાષ્ટ્રીય સેમિનાર 'શલ્યકોન 2025'નું આયોજન**

**4)** **આજે ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરાખંડમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી**

**5)** **ક્રિકેટમાં, લોર્ડ્સ ખાતે શ્રેણીની ત્રીજી ટેસ્ટની પ્રથમ ઇનિંગમાં ભારતે ઇંગ્લેન્ડનાં 387 રનની બરાબરી કરીઃ બીજી ઇનિંગમાં ઇંગ્લેન્ડનાં વિના વિકેટે બે રન**

**6)** **વિમ્બલ્ડનમાં, મહિલા સિંગલ્સ ફાઇનલમાં પોલેન્ડની ઇગા સ્વિયાતેકે અમેરીકાની અમાન્ડા અનિસિમોવાને હરાવી પ્રથમ વિમ્બલ્ડન ખિતાબ જીત્યો**

સમાચારને અંતે

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM ROJGAR MELA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, રોજગાર મેળો યુવાનોને સશક્ત બનાવવા અને વિકસિત ભારતના નિર્માણમાં તેમને ઉદ્દીપક બનાવવાની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

તેમણે જણાવ્યું કે, વિશ્વ સ્વીકારે છે કે ભારત પાસે બે અમર્યાદિત શક્તિઓ છે, એક વસ્તી વિષયક અને બીજી લોકશાહી. પ્રધાનમંત્રી ગઈકાલે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 16માં રોજગાર મેળામાં વિવિધ સરકારી વિભાગોમાં નવનિયુક્ત યુવાનોને 51 હજારથી વધુ નિમણૂક પત્રોનું વિતરણ કર્યા પછી બોલી રહ્યા હતા.

પ્રધાનમંત્રીએ ભારતમાં સામાજિક સુરક્ષા અને રોજગારની તકોમાં વધારો થયો હોવાના આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનનાં અહેવાલને ટાંક્યો હતો.

(BYTE: PM ILO REPORTS)

ખાનગી ક્ષેત્રમાં રોજગારીની નવી તકો ઊભી કરવા પર સરકારનું ધ્યાન કેન્દ્રિત કરવા અંગે પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, સરકારે તાજેતરમાં રોજગાર સંલગ્ન પ્રોત્સાહન યોજના નામની નવી યોજનાને મંજૂરી આપી છે. તેમણે ઉમેર્યું હતું કે, આ પહેલ માટે સરકારે આશરે એક લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે અને આ યોજનાથી આશરે 3.5 કરોડ નોકરીઓનું સર્જન કરવામાં મદદ મળશે.

# JAISHANKAR SINGAPORE CHINA

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી 15મી જુલાઈ સુધી સિંગાપોર અને ચીનની મુલાકાત લેશે. સિંગાપોરમાં ડૉક્ટર જયશંકર બંને દેશો વચ્ચે નિયમિત આદાનપ્રદાનના ભાગરૂપે તેમના સમકક્ષ અને સિંગાપોરના નેતાઓને મળશે.

બે દેશોના પ્રવાસના બીજા તબક્કામાં, વિદેશ મંત્રી શાંઘાઇ સહકાર સંગઠન-SCOના વિદેશ મંત્રીઓની પરિષદની બેઠકમાં ભાગ લેવા માટે ચીન જશે. તિયાનજિનમાં યોજાનારી આ બેઠક દરમિયાન તેઓ દ્વિપક્ષી બેઠકો પણ કરશે.

# AIIA SEMINAR SHALYAKON 2025

નવી દિલ્હી સ્થિત ઓલ-ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ (AIIA) દ્વારા આજથી ત્રણ દિવસ સુધી રાષ્ટ્રીય સેમિનાર 'શલ્યકોન 2025'નું આયોજન કરાયું છે. દર વર્ષે 15 જુલાઈના રોજ શસ્ત્રક્રિયાના પ્રણેતા આચાર્ય સુશ્રુતની યાદમાં યોજાતી સુશ્રુત જયંતિની ઉજવણીનાં ભાગ રૂપે આયોજિત આ સેમિનારમાં જનરલ સર્જરી, એનોરેક્ટલ સર્જરી અને યુરોસર્જિકલ કેસ સહિત લાઇવ સર્જિકલ પ્રદર્શનો રજૂ કરવામાં આવશે.

પ્રથમ દિવસે, દસ જનરલ એન્ડોસ્કોપિક લેપ્રોસ્કોપિક સર્જરી કરવામાં આવશે. બીજા દિવસે સોળ એનોરેક્ટલ સર્જરી અને અંતિમ દિવસે 200 થી વધુ મૌખિક અને પોસ્ટર પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવશે.

નવીનીકરણ, સંકલન અને પ્રેરણાના વિષયવસ્તુ ધરાવતી શલ્યકોન 2025માં ભારત અને વિદેશના 500થી વધુ પ્રખ્યાત વિદ્વાનો, સર્જનો, સંશોધકો અને શિક્ષણવિદો ભાગ લેશે તેવી અપેક્ષા છે.

# WHO – AYUSH

વિશ્વ આરોગ્ય સંસ્થા- WHOએ પરંપરાગત દવાઓ, ખાસ કરીને આયુષ પ્રણાલીઓ સાથે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ-AIને એકીકૃત કરવાના ભારતના પ્રયાસોને માન્યતા આપી છે.

આયુષ મંત્રાલયે WHOના સીમાચિહ્નરૂપ ટેકનિકલ માહિતી "પરંપરાગત દવાઓમાં કૃત્રિમ બુદ્ધિના ઉપયોગનું મેપિંગ" ના ઉલ્લેખને આવકાર્યો હતો અને તેને ભારતની પ્રાચીન આરોગ્ય સંભાળ પ્રણાલીઓ માટે એક સીમાચિહ્નરૂપ ગણાવ્યો હતો.

ભારતની દરખાસ્તને પગલે પરંપરાગત દવાઓમાં કૃત્રિમ બુદ્ધિમત્તા અંગે WHO એ તેનો પ્રથમ રોડ મેપ તૈયાર કર્યો હતો.

કેન્દ્રીય આયુષ રાજ્ય મંત્રી પ્રતાપરાવ જાધવે જણાવ્યું હતું કે, આ માન્યતા ટેકનોલોજી દ્વારા પરંપરાગત દવાઓને આગળ વધારવા માટે ભારતની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. મંત્રાલયની પહેલોમાં આયુર્વેદ, સિદ્ધ, યુનાની, સોવા રિગ્પા અને હોમિયોપેથીમાં કૃત્રિમ બુદ્ધિના સાધનોનો સમાવેશ થાય છે, જે પ્રાચીન નિદાનને આધુનિક અલ્ગોરિધમ્સ સાથે જોડે છે.

# GOVT - TENZING NORGAY AWARD

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલયે પ્રતિષ્ઠિત તેનઝિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ 2024 માટે નામાંકન મંગાવ્યા છે. આ પુરસ્કાર સાહસમાં ઉત્કૃષ્ટ સિદ્ધિઓનું સન્માન કરે છે, જેનો ઉદ્દેશ પડકારજનક પરિસ્થિતિઓમાં યુવાનોમાં સહનશક્તિ, જોખમ લેવાની ક્ષમતા અને સંઘ ભાવનાને પ્રોત્સાહન આપવાનો છે.

આ પુરસ્કાર યુવાનોને જમીન, સમુદ્ર અને હવામાં સાહસિક પ્રવૃત્તિઓમાં જોડાવા માટે પણ પ્રોત્સાહિત કરે છે. અર્જુન પુરસ્કારોની સાથે દર વર્ષે આપવામાં આવતો તેનઝિંગ નોર્ગે રાષ્ટ્રીય સાહસિક પુરસ્કાર ચાર શ્રેણીઓમાં શ્રેષ્ઠતાને સન્માનિત કરે છે જેમા જમીન, પાણી અને હવા સંબંધિત સાહસ અને વિવિધ ક્ષેત્રોમાં આજીવન સિધ્ધિ બદલ પુરસ્કારનો સમાવેશ થાય છે.

વર્ષ 2024નાં પુરસ્કારો માટે 15 જુલાઇ સુધી awards.gov.in પર ઓનલાઇન નામાંકન ભરી શકાશે. વિગતવાર માર્ગદર્શિકા અને પાત્રતાના માપદંડો આ પોર્ટલ પર અને મંત્રાલયની વેબસાઇટ yas.nic.in. પર ઉપલબ્ધ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## IMD

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આજે મધ્યપ્રદેશ, રાજસ્થાન, ગુજરાત, ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા, વરિષ્ઠ IMD વૈજ્ઞાનિક ડૉ. આર. કે. જેનામાનીએ જણાવ્યું કે, આગામી 3 થી 4 દિવસ દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં ભારે વરસાદ વરસી શકે છે.

આગામી બે દિવસ દરમિયાન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, બિહાર, ઝારખંડ અને ઓડિશા સહિત દેશના પૂર્વ ભાગમાં પણ વરસાદની સ્થિતિ યથાવત રહેશે. આજે કેરળ અને કર્ણાટકના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી છે. દેશના ઉત્તરપૂર્વ ભાગમાં વાવાઝોડા અને વીજળી સાથે હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

# TEST CRICKET

ક્રિકેટમાં, યજમાન ઇંગ્લેન્ડ આજે લોર્ડ્સ ખાતે એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની ત્રીજી ટેસ્ટના ચોથા દિવસે ભારત સામે તેની બીજી ઇનિંગ ફરી શરૂ કરશે.. ઇંગ્લેન્ડે ગઈકાલે મેચ પૂરી થઈ ત્યારે વિના વિકેટે બે રન બનાવ્યા હતા.

અગાઉ, ભારત તેની પ્રથમ ઇનિંગમાં 387 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. આ સાથે તેણે ઇંગ્લેન્ડના પ્રથમ દાવના 387 રનની બરાબરી કરી હતી. કેએલ રાહુલે સદી ફટકારી હતી, જ્યારે રિષભ પંતે 74 અને રવિન્દ્ર જાડેજાએ 72 રનનું યોગદાન આપ્યું હતું.

ભારતે વિદેશમાં રમાયેલી ટેસ્ટ શ્રેણીમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો નવો વિશ્વ વિક્રમ પણ સ્થાપિત કર્યો હતો. ભારતે આ શ્રેણીમાં અત્યાર સુધીમાં 36 છગ્ગા ફટકારીને વેસ્ટ ઈન્ડિઝ દ્વારા ભારત સામે 1974-75 માં સ્થાપિત 32 છગ્ગાઓનો વિક્રમ તોડ્યો છે. આ મેચ ભારતીય સમય અનુસાર બપોરે સાડા ત્રણ કલાકે શરૂ થશે. પાંચ મેચની ટેસ્ટ શ્રેણી હાલમાં 1-1ની બરાબરી પર છે.

# WIMBLEDON TENNIS

પોલેન્ડની વિશ્વની ચોથા નંબરની ખેલાડી ઇગા સ્વિયાતેકે પ્રથમ વખત વિમ્બલ્ડન મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો છે. લંડનમાં ઓલ ઇંગ્લેન્ડ ક્લબ ખાતે રમાયેલી ફાઇનલમાં તેણે એકતરફી મેચમાં 13મી ક્રમાંકિત અમાન્ડા અનિસિમોવાને 6-0 ,6-0 થી હરાવી હતી. સ્વિયાતેકનું આ છઠ્ઠું ગ્રાન્ડ સ્લેમ ટાઇટલ છે.

પુરુષ સિંગલ્સ સ્પર્ધામાં આજે વિશ્વનાં નંબર વન ખેલાડી જેન્નિર સિનરનો સામનો સ્પેનના બીજા ક્રમાંકિત કાર્લોસ અલ્કારાઝ સામે થશે. આ મેચ ભારતીય સમય અનુસાર રાત્રે 8:30 વાગ્યે શરૂ થશે.

# CISF – WPFG

વર્લ્ડ પોલીસ અને ફાયર ગેમ્સમા સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF)ના રમતવીરોએ 64 ચંદ્રક મેળવ્યા છે. બર્મિંઘમ ખાતે યોજાયેલ આ સ્પર્ધામાં વિશ્વના 70થી વધુ દેશોના દસ હજારથી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

આ આંતરરાષ્ટ્રીય રમત સ્પર્ધામાં વિવિધ દેશના પોલીસ અને ફાયર સર્વિસના કર્મચારીઓ વિવિધ રમતોમાં ભાગ લે છે. આ આંતરરાષ્ટ્રીય રમત સ્પર્ધામાં ભારતે કુલ 560 ચંદ્રક જીતીને ત્રીજું સ્થાન મેળવ્યું છે, જ્યારે CISF ટીમે ઉંચી કુદ, હેમર થ્રો, એથ્લેટીકસ, હાફ મેરેથોન, કુસ્તી એમ અલગ અલગ છ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને 64 ચંદ્રક જીતી વૈશ્વિક પ્લેટફોર્મ પર ભારતીય સુરક્ષા દળોની તાકાત અને સંકલ્પને સિદ્ધ કર્યું છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

1. આજના તમામ અખબારોએ એક મહિના પહેલા થયેલા અમદાવાદ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાના હાલમાં આવેલા પ્રાથમિક તપાસના રિપોર્ટના સમાચારને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
2. દિવ્ય ભાસ્કરનું મુખ્ય શિર્ષક છે- પ્લેન ક્રેશ: ચેતવણી છતાં વિમાને ઉડાન ભરી
3. ક્રેશ કેમ? કન્ફ્યૂઝન હી કન્ફ્યૂઝન.... આ હેડલાઈન છે સંદેશની
4. ગુજરાત સમાચાર પ્રથમ પાના પર લખે છે ફ્યુઅલ સ્વિચ બંધ થતાં એર ઈન્ડિયાની કમનસીબ ઘટના ઘટી
5. ફુલછાબનું મુખ્ય મથાળું છે- અમદાવાદ પ્લેન ક્રેશનું કારણ ફ્યુલ સ્વીચ !
6. રાજસ્થાન પત્રિકા લખે છે – ફ્યુલ સ્વિચ અપને આપ રન સે કટઓફ મોડમે કૈસે ચલે ગઈ?
7. આ સાથે વિવિધ અખબારોમાં વાંચવા મળતા સમાચાર પણ નજર કરીએ તો... અમદાવાદને જોડતા નેશનલ હાઈવે સહિત જિલ્લામાં માર્ગ મરામત શરૂ....ગુજરાતમાં આગામી 4 દિવસ ભારે વરસાદની આગાહી... પશ્ચિમ ભારતનું સૌથી મોટું ધાર્મિક કેન્દ્ર બનશે દ્વારકા,..... શહેરીકરણથી વિશ્વના સૌથી જોખમી એરપોર્ટ- અમદાવાદ 12માં સ્થાને...કરોડોના સોના, વૈભવી ઘડિયાળોના કેસમાં મહેન્દ્ર કાળિયાની પુત્રી નીલીશેઠની ધરપકડ... રાયખડમાં 8 કરોડની ઉઘરાણીના વિવાદમાં 3 રાઉન્ડ ફાયરિંગ, બેને ઈજા, એક ગંભીર.....હવે પેસેન્જરોને રેલ્વે સ્ટેશન પર રૂપિયા 70માં અને ટ્રેનમા રૂપિયા 80માં વેજથાળી મળશે...